STATE HUMAN RIGHTS COMMISSION

GUJARAT

**From Human Being to Being Humane**

# ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ

પમો માળ, બ્લોક નં. 1, કર્મયોગી ભવન, સેક્ટર-10એ, ગાંધીનગર-382 010, ગુજરાત.

ફોન : 079-23257546 | ફેક્સ : 079-23257596

Emai: ds-hurc@gujarat.gov.in, commi-hurc@gujarat.gov.in
Website: www.gshrc.gujarat.gov.in



+

## ➢ **માનવ અધિકારના સ્રોત**

- મેગ્નાકાર્ટા અભિલેખ (ઇ.સ.૧૨૧૫)ને માનવ અધિકારના સ્રોત તરીકે ગણાવામાં આવે છે. જેમાં રાજ્યની એક હથ્થુ સત્તા સામે સંસદની બંધારણીયતાનો વિજય થતો હતો.
- ૧૮મી સદીમાં જ્હોન લોક, મોન્ટેસ્ટયુ, વોલ્ટેર અને રૂઓના લખાણોથી વ્યક્તિ સ્વાતંત્ર્યની વિચારસરણીનો ઉદ્દ્ભવ થયો હતો.
- ૧૭૭૯માં અમેરિકાની સ્વાતંત્ર્ય ઘોષણા
- ૧૭૮૯માં ફ્રાંસની ક્રાંતિ – માનવ અધિકાર ઘોષણા.
- ૧૯૩૬ રશિયામાં હક્કોની જાહેરાત નાગરિકોને અધિકારોને બંધારણીય માન્યતા.
- ૧૯૪૬ – જાપાન
- ૧૯૪૮ – સ્વીટઝરલેન્ડ
- ૧૯૫૦ – ભારત
- ૧૯૫૪– ચીન
- માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ ની કલમ-૨૧ અનુસાર ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગની રચના સને -૨૦૦૬ માં કરવામાં આવી છે.

## ➢ **ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ અને સભ્યોની વિગત.**

- માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ ની કલમ-૨૧ અનુસાર ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ નીચે મુજબના સભ્યોનુ બનેલ છે.

  ૧. **અધ્યક્ષ** કે જેઓ ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ રહી ચૂક્યા હોય.

  ૨.**એક સભ્ય** કે જેઓ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ અથવા જિલ્લા ન્યાયાધીશ તરીકે ઓછામાં ઓછા સાત (૭) વર્ષના અનુભવ સાથે રાજયમાં જિલ્લા ન્યાયાધીશ હોય કે રહી ચૂક્યા હોય.

  ૩. **એક સભ્ય** કે જેઓ માનવ અધિકારોને લગતી બાબતોનું જ્ઞાન અથવા પ્રત્યક્ષ અનુભવ ધરાવતા હોય.

  ૪. **એક સેક્રેટરી** કે જેઓ રાજ્ય આયોગના મુખ્ય કારોબારી અધિકારી રહેશે અને આયોગ તેને સોંપે તેવી સત્તા વાપરશે અને કાર્યો બજાવશે.

## ➢ **માનવ અધિકાર એટલેશું ? (વ્યાખ્યા)**

માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ ની કલમ ૨(૧)(ઘ) માં વ્યાખ્યા કર્યા મુજબ "માનવ અધિકાર" એટલે સંવિધાનથી બાહેંધરી આપેલ અથવા આંતરરાષ્ટ્રીય કરારનામાઓમાં સમાવેલા અને ભારતમાં ન્યાયાલયો અમલમાં મૂકી શકે તેવા **વ્યકિતઓના જીવન, સ્વતંત્રતા, સમાનતા અને ગૌરવને** લગતા અધિકારો.

## ➢ કયા અધિકારોનો માનવ અધિકારની વ્યાખ્યામાં સમાવિષ્ટ કરવામાં આવ્યાછે ?

- ❑ વિશ્વના રાષ્ટ્રોની સામાન્ય સભામાં માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણા કરવામાં આવેલી છે તે અધિકારોને માનવ અધિકારની વ્યાખ્યામાં સમાવિષ્ટ કરવામાં આવેલા છે.
- ❑ માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણામાં અનુચ્છેદ-૧ થી ૩૦ માં જણાવ્યા મુજબના અધિકારો નો સમાવેશ માનવ અધિકારમાં થાય છે કે જે ભારતીય બંધારણના આર્ટીકલ-૧૯ ના મૂળભૂત હક્કોમાં પણ તેનો સમાવેશ થયેલો છે પરંતુ ભારતીય બંધારણના કાયદામાં દર્શાવેલા તમામ મૂળભૂત અધિકારોનો માનવ અધિકારમાં સમાવેશ થતો નથી.

## ➢ આયોગને લગતી કાયદાકીય બાબતો:

- ❖ માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ ની કલમ-૩૦ અનુસાર સંબંધિત જિલ્લાની સેસન્સ કોર્ટને માનવ અધિકાર કોર્ટ તરીકે જાહેર કરવામાં આવેલ છે.
- ❖ માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ ની કલમ-૩૧ અનુસાર રાજ્ય સરકારે ૭(સાત) વર્ષ કે તેથી વધુ અનુભવ ધરાવતા વકીલને સ્પેશ્યલ પ્રોસીક્યુટર તરીકે નિમવાની જોગવાઈ કરવામાં આવી છે.
- ❖ માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ ની કલમ-૩૯ અનુસાર રાજ્ય આયોગના દરેક સભ્ય અને અધિકૃત કરેલ દરેક અધિકારી ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૨૧ ના અર્થ મુજબ રાજ્ય સેવક ગણાશે.
- ❖ માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ ની કલમ-૩૬(૧) અને(૨) ની જોગવાઈ મુજબ નીચેની બાબતો આયોગની હકૂમતમાં આવતી નથી.

  (૧) ન્યાયાધીન હોય તેવી બાબત (૨) એક વર્ષથી વધુસમય વીતી ગયો હોય તેવા બનાવ.

## ➢ રાજ્ય આયોગના તા.૧-૪-૧૭ થી તા.૩૧-૩-૧૮ સુધીના કેસોની વિગત

| ક્રમ | કેસનો પ્રકાર | મળેલ કેસો | નિકાલ કેસો | પડતર કેસો |
|---|---|---|---|---|
| ૧ | પીટીશન(ફરિયાદો) | ૨૮૮૫ | ૨૮૧૫ | ૭૦ |
| ૨ | કસ્ટોડીયલ ડેથ | ૫૭ | ૧૭ | ૪૦ |
| ૩ | પ્રેસ/સૂઓમોટો | ૧૧૬ | ૮૬ | ૩૦ |

## ➢ ફરિયાદ નિવારણ માટે સંપર્ક

(૧) રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ :

માનવ અધિકાર ભવન, બ્લોક નં.૪, જી.પી.ઓ.કોમ્પ્લેક્ષ, નવી દિલ્હી-૧૧૧ ૦૨૩

**Tel.No. :- 24651330, 24663333.Fax:- No. 24651332**
**E-Mail:- cr.nhrc@nic.in :: Website:-www.nhrc.nic.in**

(૨) ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ:

કર્મયોગી ભવન, બ્લોક નં-.૧, ચોથો/પાંચમો માળ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

ફોન નં :- (૦૭૯) ૨૩૨ ૫૭૫૪૬:: ફેક્સ નઃ- (૦૭૯) ૨૩૨ ૫૭૫૯૬

Email: (1) ds-hurc@gujarat.gov.in, (2) commi-hurc@gujarat.gov.in
Website: www.gshrc.gujarat.gov.in

## ➢ અરજી કરતાં પૂર્વે ધ્યાનમાં રાખવા જેવી બાબતો

અરજી અંગ્રેજી, હિન્દી અથવા ગુજરાતી ભાષામાં નીચેની માહિતી સાથેની હોવી જોઇએ.

(ક) અરજદારનું નામઃ -

(ખ) પિતા/પતિનું નામઃ -

(ગ) પૂરૂં સરનામું (મોબાઇલ નંબર જો હોય તો લખવો જેથી સરળતા રહેશે.)

(ઘ) જેને લગતી નારાજગી હોય તે સત્તાધિકારી, કચેરી અથવા મંત્રાલયની પૂરી વિગત

(ચ)કારણોની પૂરી વિગત જેમ કે, બનાવ, સ્થળ, તારીખ, મહિનો, વર્ષ,સાક્ષીની માહિતી

(છ) આધાર પૂરાવા જો હોય તોઃ

(જ) આ પહેલાં જે સત્તાધિકારી, કચેરી અથવા મંત્રાલયનો સંપર્ક કર્યોહોય તો તેણે લીધેલ પગલાંની વિગતો સાથે જોડવી.

(ઝ) આ અગાઉ આયોગનો સંપર્ક કરેલ હોય તેવા કિસ્સામાં તે અરજીનાપરિણામ સાથે અરજીમાં ઉલ્લેખ કરવો.

(ટ) અરજીમાં અરજદારની સહી અથવા અંગૂઠાનું નિશાન કરવું.

(ઠ) શક્ય હોય તો અરજી સાથે અરજદારનું સોગંદનામુ જોડવું, જોસોગંદનામું સામેલ હશે તો વિશેષ નોંધ લેવામાં આવશે.

(ડ) બનાવ બન્યાના એક વર્ષની અંદર અરજી કરવી જોઇશે.

## ➢ આયોગની કાર્ય પદ્ધતિ

(૧) રાજય આયોગ દ્વારા કોઇપણ સ્વરૂપમાં મળેલી બધી જ ફરીયાદોને નોંધવામાં આવશે અને તેનો ક્રમાંક આપવામાં આવશે તથા સામાન્ય રીતે આ હેતુ માટે રચાયેલી બે સભ્યોની સમિતિ સમક્ષ તે મળ્યાની તારીખથી બે અઠવાડીયાથી મોડી નહી તે રીતે તેને દાખલ કરવા માટે મૂકવામાં આવશે. સામાન્ય રીતે નીચે જણાવેલા પ્રકારો મુજબની ફરીયાદો માટે રાજય આયોગ દ્વારા કોઇ જ કાર્યવાહી કરવામાં આવશે નહી.

(અ)ફરિયાદો કર્યા પહેલાં તેને એક વર્ષથી વધુ સમય થઇ ગયો હોય તેવા પ્રકારના બનાવોની ફરિયાદો અંગે.
(બ)ન્યાયાધીન હોય તેવી બાબતો.
(ક)તથ્યહીન, બેનામી અથવા ઉપજાવી કાઢેલી હોય તેવી ફરીયાદો,
(ડ)અર્થહીન ફરીયાદો, અરજદારની સહી અથવા અંગૂઠાનું નિશાન વિનાની
(ઈ)રાજય આયોગના કાર્યક્ષેત્રની બહાર હોય તેવી ફરીયાદો,

(૨) ફરીયાદો માટે કોઇ ફી લેવામાં આવશે નહી.

(૩) ફરીયાદની બાબતની સંપૂર્ણ વિગતો દર્શાવવાની રહેશે અને રાજય આયોગ દ્વારા તે અંગે સત્વરે કાર્યવાહી કરી શકાય તે હેતુથી તેને અંગ્રેજી અથવા ગુજરાતીમાં કરવાની રહેશે. આમ છતાં , ફરીયાદો સુવ્યવસ્થિત રીતે ફાઇલ થઇ શકે તે માટે, રાજય આયોગ, બંધારણના આઠમા પરિશિષ્ટમાં સમાવિષ્ટ કોઇપણ ભાષામાં આવેલી ફરીયાદો હાથ પર લેશે. આક્ષેપોના ટેકામાં ફાઇલ કરાનાર સોગંદનામા તથા વધુ માહિતી માટે રાજય આયોગને યોગ્ય અને જરૂરી લાગે તે રીતે તે બાબતે તપાસ કરવા માટે જણાવી શકશે.
(૪) રાજય આયોગ તેને યોગ્ય લાગે તો, પોતાની વિવેકબુધ્ધિ અનુસાર, ટેલીગ્રામ દ્વારા કે ફેકસ દ્વારા મળેલી ફરીયાદો સ્વીકારશે.
(૫) રાજય આયોગને, સારાંશે ફરીયાદ કાઢી નાંખવાની પણ સત્તા રહેશે.
(૬) ફરીયાદને દાખલ કર્યા પછી, અધ્યક્ષશ્રી / રાજય આયોગ, તેના દ્વારા આ બાબત પૂછપરછ માટે રાખવામાં આવશે અથવા તેમાં તપાસ હાથ ધરવામાં આવશે તેનો નિર્ણય કરશે.
(૭) દરેક ફરીયાદ વિશે, કે જે માટે અધ્યક્ષશ્રી દ્વારા / આયોગ દ્વારા તે અંગે પૂછપરછ કરવી અથવા તપાસ હાથ ધરવી તે માટેનો નિર્ણય લેવાય ત્યારે , સચિવાલય સંબંધિત સરકાર/ સત્તાધિકારી પાસેથી તે અંગેનો અહેવાલ/ ટિપ્પણી નોંધો મોકલવા માટે યોગ્ય સમય આપશે અને તે મંગાવી શકશે.
(૮) સંબંધિત સત્તાધિકારી પાસેથી ટિપ્પણી/ નોંધો મળ્યા પછી , આ કેસના મહત્વના પાસાઓ વિશેની વિગતવાર નોંધ રાજય આયોગની વિચારણા માટે તૈયાર કરવામાં આવશે.
(૯) રાજય આયોગના નિર્દેશો તથા ભલામણો સંબંધિત સરકાર / સત્તાધિકારીને તથા અરજદારોને અધિનિયમની કલમ ૧૮ અને ૧૯ માં આ માટે કરવામાં આવેલ જોગવાઇ મુજબ જાણ અર્થે મોકલવામાં આવશે.

(૧૦) રાજય આયોગ પોતાને યોગ્ય જણાય તો, તેની સમક્ષની ફરીયાદના યોગ્ય રીતે નિકાલ માટે અરજદારની અથવા તેના વતી કોઇપણ અન્ય વ્યકિતની કે વ્યકિતઓની અંગત સુનાવણી લઇ શકશે અને જયાં જરૂર જણાય ત્યાં વધુ અહેવાલો મંગાવીને આ સંબંધે સાક્ષીઓની તપાસણી પણ કરી શકશે. રાજય આયોગ , ફરીયાદના ટેકામાં, જો કોઇ હોય તો , સાક્ષીઓની ફેર તપાસણી સહિત વાજબી રીતે સુનાવણી પણ કરાવી શકશે તથા તેના દ્વારા તે વ્યકિતની ચાલચલગત અંગેના ટેકાના પુરાવારૂપે અથવા આયોગના અભિપ્રાય મુજબ આવી વ્યકિતની પ્રતિષ્ઠાને પૂર્વગ્રહના કારણે હાનિ પહોંચતી હોય ત્યારે પણ સુનાવણી કરાવી શકશે.

(૧૧) પોતાને યોગ્ય જણાયે, રાજય આયોગની ટૂકડી દ્વારા અથવા અન્ય કોઇ વ્યકિત દ્વારા જયાં તપાસ હાથ ધરવામાં આવી હોય તે પૂર્ણ થયા બાદ એક અઠવાડીયામાં અથવા રાજય આયોગ વધુ સમયની મંજૂરી આપે ત્યાં સુધીમાં તેનો અહેવાલ મોકલી આપવાનો રહેશે. રાજય આયોગને જો એવું લાગે કે યોગ્ય તપાસ કરવામાં આવી નથી ત્યારે સંબંધિત કેસમાં વધુ તપાસ કરવા માટે આદેશ કરી શકશે અથવા આ બાબતમાં સત્યતાની ચોકસાઇ કરવા માટે વધુ તપાસ પણ કરી શકશે અથવા આ બાબતનો યોગ્ય રીતે નિકાલ કરાવી શકશે. અહેવાલ મળ્યા પછી , રાજય આયોગ આ બાબતમાં પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે , તેના દ્વારા તપાસનો આદેશ પણ કરી શકશે અને આવી તપાસ દરમ્યાન પુરાવાઓ પણ મેળવી શકશે.

(૧૨) જયારે અધ્યક્ષશ્રી દ્વારા વિનંતી કરવામાં આવે ત્યારે રાજય આયોગ અથવા તેમના કોઇપણ સભ્ય સ્થળ પરના અભ્યાસ માટે મુલાકાત હાથ ધરી શકશે અને જયાં એક કે તેથી વધુ સભ્યો દ્વારા અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હોય ત્યારે આ અંગેનો અહેવાલ રાજય આયોગને શકય તેટલો વહેલો રજૂ કરવાનો રહેશે.

# FAQs about GSHRC

## 1. How are human rights defined in the Protection of Human Rights Act, 1993?

In terms of Section 2(1)(d) of the Protection of Human Rights Act, 1993 (hereafter referred to as 'the Act'), "human rights" means the rights relating to life, liberty, equality and dignity of the individual guaranteed under the Constitution or embodied in the International Covenants and enforceable by courts in India.

## 2. What functions have been assigned to the Commission under the Act ?

The Commission shall, perform all or any of the following functions, namely:

- a) Inquire, on its own initiative or on a petition presented to it by a victim or any person on his behalf, into complaint of-
  i ) Violation of human rights or abetment
  ii) Negligence in the prevention of such violation, by a public servant;
- b) Intervene in any proceeding involving any allegation of violation of human rights pending before a court with the approval of such court;
- c) Visit, under intimation to the State Government, any jail or any other institution under the control of the State Government, where persons are detained or lodged for purposes of treatment, reformation or protection to study the living condition of the inmates and make recommendations thereon;
- d) Review the safeguards by or under the Constitution or any law for the time being in force for the protection of human rights and recommend measures for their effective implementation;
- e) Review the factors, including acts of terrorism that inhibit the enjoyment of human rights and recommend appropriate remedial measures;
- f) Study treaties and other international instruments on human rights and make recommendations for their effective implementation;
- g) Undertake and promote research in the field of human rights;
- h) Spread human rights literacy among various sections of society and promote awareness of the safeguards available for the protection of these rights through publications, the media, seminars and other available means;
- i) encourage the efforts of non - Governmental organizations and institutions working in the field of human rights;
- j) such other functions as it may consider necessary for the promotion of human rights.

## 3. What powers have been vested with the Commission relating to inquiries?

While inquiring into complaints under the Act, the Commission shall have all the powers of a civil court trying a suit under the Code of Civil Procedure, 1908, and in particular the following, namely;

- a) Summoning and enforcing the attendance of witnesses and examining them on oath;
- b) Discovery and production of any document;
- c) Receiving evidence on affidavits;
- d) Requisitioning any public record or copy thereof from any court or office;
- e) Issuing commissions for the examination of witnesses or documents;
- f) Any other matter which may be prescribed.

## 4. Does the Commission have its own investigation team?

Yes, the Commission has its own investigating staff headed by a Additional Director General of Police for investigation into complaints of human rights violations.

## 5. Is the Commission Autonomous?

Yes, the autonomy of the Commission derives, inter-alia, from the method of appointing its Chairperson and Members, their fixity of tenure, and statutory guarantees thereto, the status they have been accorded and the manner in which the staff responsible to the Commission - including its investigative agency - will be appointed and conduct themselves. The financial autonomy of the Commission is spelt out in Section 32 of the Act.

The Chairperson and Members of the Commission are appointed by the Governor on the basis of recommendations of a Committee comprising the Chief Minister as the Chairperson, the Speaker of the Legislative Assembly, the Home Minister, the leaders of the opposition in the the Assembly as Members.

## 6. How does the Commission inquire into complaints?

The Commission while inquiring into complaints of violations of human rights may call for information or report from the Central Government or any State Government or any other authority or organization subordinate thereto within such time as may be specified by it; provided that if the information or report is not received within the time stipulated by the Commission, it may proceed to inquire into the complaint on its own; on the other hand, if, on receipt of information or report, the Commission is satisfied either that no further inquiry is required or that the required action has been initiated or taken by the concerned Government or authority, it may not proceed with the complaint and inform the complainant accordingly.

## 7. What steps are open to the Commission after inquiry?

The Commission may take any of the following steps upon the completion of an inquiry:

- 1) Where the inquiry discloses the commission of violation of human right or negligence in the prevention of violation of human rights by a public servant, it may recommend to the concerned Government or authority the initiation of proceedings for prosecution or such other action as the Commission may deem fit against the concerned person or persons.
- 2) Approach the Supreme Court or the High Court concerned for such directions, orders or writs as that Court may deem necessary;
- 3) Recommend to the concerned Government or authority for the grant of such immediate interim relief to the victim or the members of his family as the Commission may consider necessary.

## 8. Can the complaint be in any language?

They may be in English, Guajarati or Hindi. The complaints are expected to be self contained. No fee is charged on complaints. The Commission may ask for further information and affidavits to be filed in support of allegations whenever considered necessary. The Commission may in its discretion, accept telegraphic complaints and complaints conveyed through FAX or by e-mail. Complaints can also be made on the mobile telephone number of the Commission.

**9. What kind of complaints are not entertained by the Commission?**

Ordinarily, complaints of the following nature are not entertained by the Commission:

- a) In regard to events which happened more than one year before the making of the complaints;
- b) With regard to matters which are sub juidice;
- c) Which are vague, anonymous or pseudonymous;
- d) Which are of frivolous nature;
- e) Which pertain to service matters.

**10. What is the responsibility of the authority/State Government to which reports/recommendations have been send by the Commission?**

The authority/State Government has to indicate its comments/action taken on the report/recommendations of the Commission within a period of one month or such other extended period as the Commission may deem fit.

**11. Where the Commission located and what is are its contact numbers?**

**Gujarat State Human Rights Commission**
Block no 1, 5th Floor, 'Karmayogi Bhavan',
Sector-10/A, Gandhinagar-382010
Office: 079 23257546, Fax: 079 23257596
E-mail: commi-hurc@gujarat.gov.in, Web: www.gshrc.gujarat.gov.in